# રજત જયંતિ મહોત્સવ વર્ષની ઉજવણીના ભાગ રૂપે 'ડોક્ટર ડે'

શ્રી ગોઝારિયા કેળવણી મંડળ સંચાલિત નીમા ગર્લ્સ આટર્સ કોલેજ પ્રેરિત કોલેજ રજત જયંતિ મહોત્સવ વર્ષ ની ઉજવણીના ભાગરૂપે 'ડોક્ટર્સ ડે ' નિમિત્તે કોલેજ રાષ્ટ્રીય સેવા યોજના યુનિટ દ્વારા આયોજિત અને શ્રી સોમાભાઈ જે. પટેલ સાર્વજનિક હોસ્પિટલ, પલિયડના સહયોગથી તા. ૦૧/૦૭/૨૦૨૨ને શુકવારના રોજ સવારે ૯:૦૦ થી બપોરે ૧:૩૦ દરમિયાન અંતરિયાળ ગામ બદલપુરા કે જ્યાં ડોક્ટર ઉપલબ્ધ નથી ત્યાં જરૂરિયાતમંદો માટે 'સ્ત્રીરોગ નિદાન અને આંખ તપાસ' કેમ્પનું આયોજન કરાયું હતું. આ કેમ્પમાં સાર્વજનિક હોસ્પિટલ, પલિયડમાં થી આંખના નિષ્ણાત ડોક્ટર દ્વારા આંખની તપાસ કરીને દર્દીઓને દવા તેમજ ચશ્મા નું વિતરણ કરવામાં આવ્યું હતું. જે દર્દીઓને મોતિયો આવ્યો હોય તેવા દર્દીઓને સાર્વજનિક હોસ્પિટલ, પલિયડમાં લઈ જઈને મફત ઓપરેશન કરી નેત્રમણી મૂકી આપવામાં આવશે. જ્યારે સ્ત્રીરોગના દર્દીઓને સાર્વજનિક હોસ્પિટલ, પલિયડ ખાતે સોમવારે એમ્બ્યુલન્સમાં લઈ જઈને સઘન સારવાર આપવામાં આવશે. આ કેમ્પમાં ૧૧૫ આંખના દર્દી અને ૧૧ સ્ત્રીરોગના મહિલા દર્દીઓએ ભાગ લીધો હતો. કોલેજના આચાર્યશ્રી ગાયત્રીબેન બારોટે કહ્યું કે દરેક વ્યક્તિ ભલે છેવાડાના વિસ્તારમાં રહેતો હોય તેને સારવાર મળવી જોઈએ. અધ્યા. ડો. રાજેન્દ્રસિંહ વાઘેલાએ જણાવ્યું કે અમે વધુમાં વધુ લોકો સુધી પહોંચીને તેમના ઘર આંગણે આરોગ્યની સેવા પહોંચાડવાનો પ્રયત્ન કરીશું પૈસાની અછતના કારણે કોઈની સારવાર અટકે નહીં તેવા પ્રયત્નો કરતા રહીશું.

કેમ્પ ને સફળ બનાવવામાં બદલપુરા પ્રાથમિક શાળાના આચાર્યશ્રી પરેશાબેન પ્રજાપતિ, શિક્ષક શ્રી નવીનભાઈ વજીર તેમજ બદલપુરા પ્રાથમિક શાળાના સમગ્ર સ્ટાફે જેહમત ઉઠાવી હતી, તેમજ ગોઝારિયા કેળવણી મંડળના કારોબારી ટ્રસ્ટી શ્રી જે. એન. પટેલ સાહેબ અને શ્રી રાજુભાઈ પંડ્યા સાહેબે કેમ્પની રૂબરૂ શુભેચ્છા મુલાકાત લઈને સફળતાના આશીર્વચન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ પ્રોગ્રામ ઓફિસર શ્રી નરેન્દ્રકુમાર પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ સંપન્ન થયો હતો.

સાથે સાથે કોલેજની સ્વયંસેવિકા બહેનો માં સામાજિકતા વિકસે તે હેતુથી મેઉ મુકામે આવેલ 'ચાઈલ્ડ હેવન ઇન્ટરનેશનલ ચિલ્ડ્રન હોમ બોય'સ એન્ડ ગર્લ્સ' સંસ્થાની મુલાકાત લેવામાં આવી. સ્વયં સેવિકાઓ ને સંસ્થા પરિચય અને પરિભ્રમણની સાથે સાથે સામાજિક સમસ્યાઓ થી બહેનો ને અવગત કરાવી.

પ્રોગ્રામ ઓફિસર શ્રી રાજેન્દ્રસિંહ વાઘેલા અને શ્રી નરેન્દ્રકુમાર પ્રજાપતિ કેમ્પને સફળ બનાવનાર સાર્વજનિક હોસ્પિટલ, પલિયડના મંત્રીશ્રી, ડોક્ટરશ્રી, સપોર્ટેડ સ્ટાફ ગણ તેમજ કોલેજ સ્ટાફ ગણ અને વિશેષતઃ બદલપુરા પ્રાથમિક શાળાના આચાર્યશ્રી, શિક્ષક નવીનભાઈ વજીર તેમજ સમગ્ર બદલપુરા પ્રાથમિક શાળાના શિક્ષક મિત્રોનો અને કેમ્પ દરમિયાન ભોજન વ્યવસ્થા કરનાર દાતાશ્રી નો પણ આભાર માની એ છીએ.









